પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૮૮ | ૮ જુન, ૨૦૨૨, બુધવાર; જયેષ્ઠ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

કાશ્મીરમાં એન્કાઉન્ટરમાં ત્રણ આતંકીઓ ઠાર

શ્રીનગર, તા.૭

જમ્મુ-કાશ્મીરના કુપવાડા અને સોપોરમાં અલગ-અલગ બે એકાઉન્ટરોમાં સુરક્ષાદળોએ આતંકવાદીઓનું એનકાઉન્ટર કરીને મોટી સફળતા હાંસલ કરી છે. એક આતંકવાદી સોપોરમાં અથડામણ દરમિયાન માર્યો ગયો હતો. હંજાલા નામના આ આતંકવાદી પાસે એકે-૪૭ રાયફલ અને ૫ મેગેઝિન મળી આવી હતી. લાહોરના નિવાસી હંજાલાનું એનકાઉન્ટર કરવુંમ સુરક્ષા દળો માટે મોટી સફળતા છે. તેની સાથે જ કુપવાડામાં આજે સવારે થયેલી અથડામણમાં બે આતંકવાદીઓનું સુરક્ષા દળોએ એનકાઉન્ટર કર્યું હતું. તેમાંથી પણ એક આતંકવાદી પાકિસ્તાનનો રહેવાસી હતો.

આની સાથે જ સુરક્ષા દળોએ કાશ્મીરી પંડિત રાહુલ ભટ અને એક્ટ્રેસ આમરીન ભટની હત્યાનો બદલો લઈ લીધો છે. કાશ્મીર પોલીસના આઈજી વિજય કુમારે કહ્યું કે, કાશ્મીરી પંડિત રાહુલ ભટની હત્યામાં સામેલ બે આતંકવાદીઓમાંથી એકનું એનકાઉન્ટર કરી દેવામાં આવ્યું છે. એક હજુ બાકી છે જેની સુરક્ષા દળ દ્વારા શોધ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આમરીન ભટના હત્યારા બે આતંકવાદીઓ પણ માર્યા ગયા છે. દેહાતી બેંકના મેનેજર વિજય કુમારની હત્યા કરનારા આતંકવાદીઓની પણ ઓળખ થઈ ચૂકી છે. તેની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે અથવા એકાઉન્ટર કરી દેવામાં આવશે.

પોલીસે કહ્યું કે, આ બંને જ આતંકવાદી લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હતા. પોલીસ અધિકારીએ અથડામણની જાણકારી આપતા કહ્યું કે, અમને કુપવાડાના ચકતારા કંડી વિસ્તારમાં આતંકવાદીઓ હાજર હોવાની ખબર મળી હતી. ત્યારબાદ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને તેઓની શોધ કરવામાં આવી રહી હતી. આ દરમિયાન જ આતંકવાદીઓએ સુરક્ષા દળો પર હુમલો કર્યો હતો. તેના જવાબમાં ફાયરિંગ કરવામાં આવ્યુ હતું અને બે આતંકવાદીઓનું એનકાઉન્ટર કરવામાં સફળતા મળી હતી.

ચોમાસા માટે વધારે રાહ જોવી પડશે : હવામાન વિભાગ

વરસાદમાં પણ જોવા મળી શકે છે ૩૮% ઘટ : ભારતના હવામાન વિભાગ તરફથી સોમવારના રોજ ચોમાસાના વહેલા આગમન બાબતે આગાહી કરવામાં આવી હતી

પૂણે,તા.૭

India Meorological Department(IMD) તરફથી સોમવારના રોજ ચોમાસાના આગમન બાબતે મહત્વની આગાહી કરનામાં આવી છે. હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, અરબ સાગરમાં ચોમાસાનો ફ્લો નબળો પડી ગયો છે, જેના કારણે દેશભરમાં હવે વરસાદ છ દિવસ મોડો આવે તેની સંભાવના છે. આટલુ જ નહીં, ચોમાસું નબળું પડવાને કારણે વરસાદની ઘટ લગભગ ૩૮ ટકા સુધીની જોવા મળી શકે છે. એક ઉચ્ચ સ્તર અધિકારીએ જણાવ્યું કે, મધ્ય ભારતમાં ચોમાસાની જે સામાન્ય લાક્ષણિકતાઓ હોય છે તે જોવા નથી મળી રહી, તેના સ્થાને આ વિસ્તારમાં વરસાદની Convective Pattern જોવા મળી રહી છે. ભારતના મધ્ય ભાગમાં વંટોળની હાજરી પણ દેશમાં વહેલા ચોમાસાના સંદર્ભમાં સારી નિશાની નથી. અમે અત્યારે દેશના વિવિધ ભાગોમાં ચોમાસાની સામાન્ય સર્ક્યુલશન લાક્ષણિકતાઓ જોઈ નથી શકતા. અરબ સાગર અત્યારે પ્રમાણમાં નબળું છે. જો કે હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું કે, ચોમાસાની પ્રગતિ ધીમી છે તેનો અર્થ એ નથી કે ચોમાસાને બ્રેક વાગી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, સતત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ભારતનો ઉત્તર વિસ્તાર પણ પ્રભાવિત થયો છે. આ ડિસ્ટર્બન્સ થોડા પ્રમાણમાં દક્ષિણ તરફ પણ પ્રવેશ કરી રહ્યું છે અને આ ચોમારાની સામાન્ય લાક્ષણિકતા નથી. અધિકારીએ વધુમાં જણાવ્યું કે, અત્યારની પરિસ્થિતિની વાત કરીએ તો, પવનનું પરિભ્રમણ પણ વહેલા ચોમાસાની પ્રવૃત્તિના સમર્થનમાં જણાતું નથી. અધિકારીએ જણાવ્યું કે, ૬ જૂન સુધીમાં ચોમાસાનો કર્ણાટક, તમિલ નાડુ, આંધ્ર પ્રદેશ વગેરે સ્થળોએ પ્રવેશ થઈ જવો જોઈએ.



ડેટા નહીં આપે તો ટ્વીટર સાથેનો સોદો રદ કરવા મસ્કની ચેતવણી

વોશિંગ્ટન, તા.૭

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્કે માઈક્રોબ્લોગીંગ વેબ્સાઈટ ટ્વીટર ખરીદવા માટે કરેલી ઓફર પોતે પરત ખેંચી લેશે એવા અહેવાલ મળી રહ્યા છે. ટ્વીટરના કુલ યુઝર્સમાં ૨૫ ટકા જેટલા લોકો ખોટા નામે છે અથવા તો એક જ વ્યક્તિના અનેક ટ્વીટર હેન્ડલ છે એવું મસ્ક માની રહ્યા છે. આ અંગે મે મહિનામાં ટ્વીટરને ચોક્કસ માહિતી આપવા માટે મસ્કે ચેતવણી આપી હતી. બીજી તરફ, ટ્વીટર જણાવે છે કે માત્ર ચારથી પાંચ ટકા હેન્ડલ જ એવા છે કે જે ખોટા છે અને તેને દૂર કરવામાં આવી રહ્યા છે. મસ્કે ટ્વીટર ખરીદવા માટે ૫૪.૨૦ ડોલર પ્રતિ શેર ખરીદી ૪૪ અબજ ડોલરની ઓફર કરી હતી. ટ્વીટરને એક પત્રમાં મસ્કે પોતાની

● અનુસંધાન પાન-૭ પર